॥ શ્રી દ્વારકેશો જયતિ ॥
॥ શ્રીવાક્પતયે નમઃ ॥

પુષ્ટિ પરિચય શ્રેણી
પુષ્પ - ૧

મૃત્યુ - પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ

લેખક
પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Mrityu - Pushtimargiya Drushtikon
by Prof. Rameshbhai V. Parikh

© Prof. Rameshbhai V. Parikh

પ્રથમ આવૃત્તિ : જૂન, ૧૯૯૭
બીજી આવૃત્તિ : જાન્યુઆરી, ૨૦૦૫
ત્રીજી આવૃત્તિ : એપ્રિલ, ૨૦૧૧

: પ્રાપ્તિસ્થાન :
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
(રૂબરૂ અને પોસ્ટથી)
૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
મહેસાણા-૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
●
શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
(ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે,
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૫/-

મુદ્રક
પુષ્ટિ પ્રિન્ટ્સ
C1/૬૩, જી.આઈ.ડી.સી., ફેઝ-૨, દેદિયાસણ, મહેસાણા.
ફોન : (૦૨૭૬૨) ૨૨૪૨૦૪

મૃત્યુ - પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ

ભગવાન મંગલસ્વરૂપ છે

શાસ્ત્રે ભગવાનનું સ્વરૂપ બતાવ્યું : '**મંગલાયતનો હરિ:**' શ્રીહરિ મંગલતનુ-મંગલ સ્વરૂપ છે.

સૂર્ય સ્વયં તેજસ્વરૂપ છે, તેથી સારી સૃષ્ટિને તેજ અને ઊર્જા આપે છે. બરફ શીતલ છે, માટે હિમાલય પ્રકૃતિને શીતલ બનાવે છે. તેમ ભગવાન '**રસો વૈ સ:**' - સાક્ષાત આનંદરસનું સ્વરૂપ છે. આનંદરસઘન ભગવાન કૃષ્ણમાંથી સારી સૃષ્ટિ પ્રગટ થઇ છે, તેથી સૃષ્ટિમાં પૂર્ણાનંદ શ્રીકૃષ્ણની સુંદરતા, મધુરતા અને કલ્યાણકારિતા છે. જ્યાં આનંદ છે, ત્યાં મધુરતા છે. જ્યાં મધુરતા છે, ત્યાં મંગલતા છે.

આથી શ્રીગુસાંઇજીએ સમજાવ્યું કે - '**મંગલં મંગલં વ્રજભૂવિ મંગલમ્.**' ભગવાન શ્રીકૃષ્ણે વ્રજને નિજધામ બનાવ્યું, એટલે વ્રજભૂમિ મંગલ બની. વ્રજવાસીઓને સ્વજનો બનાવ્યાં એટલે ગોપગોપીઓ, ગાયો, પશુઓ, પક્ષીઓ, વૃક્ષો મંગલ બન્યાં. એમની પ્રત્યેક ક્રિયા ભગવાન શ્રીકૃષ્ણના સુખાર્થે, એમની સેવા માટે થઇ, તેથી ગોદોહન, ગોચારણ, દધિમંથન જેવી એમની બધી ક્રિયાઓ પણ મંગલ બની.

ભગવાન મંગલ છે. એમનામાંથી પ્રકટ થયેલી સારી સૃષ્ટિ મંગલ છે. પ્રત્યેક જીવ મંગલ છે. પ્રત્યેક નવો જન્મ મંગલ છે. નવા જન્મની ખુશાલી આનંદ-મંગલ વાતાવરણમાં ઉજવાય છે. સૃષ્ટિમાં કશું જ અમંગલ નથી.

પ્રકૃતિ-વિકૃતિ-સંસ્કૃતિ

પ્રકૃતિ એટલે પ્રભુની કૃતિ, માટે પ્રકૃતિ પ્રભુરૂપ-મંગલસ્વરૂપ છે. પ્રભુ કશું અમંગલ કરતા નથી. પ્રભુને કશું અમંગલ ગમતું નથી. નવજાત નિર્દોષ બાળકમાં પ્રભુનો અણસાર દેખાય છે, એટલે તે મંગલમુખી લાગે છે. વન-વૃક્ષ-પુષ્પ-પંખી-જળ-પર્વત બધું આનંદપ્રદ છે, કારણ પ્રભુની કૃતિ-પ્રકૃતિ છે.

પ્રભુમાંથી છૂટો પડેલો આપણો આત્મા પ્રભુનો અંશ છે. તેથી તે પણ આનંદમંગલરૂપ હતો.

ગંદકી સુંદર વસ્ત્રને ગંદું બનાવે. દહીં દૂધનેખાટું બનાવે. તેમ માયા-અવિદ્યાએ આનંદ-મંગલ-રૂપ આત્માને વિકૃત કર્યો. અજ્ઞાની બનાવ્યો, શોક-મોહથી દુ:ખી બનાવ્યો. આત્માનો આનંદ છિનવાઇ ગયો, મધુરતા મટી ગઇ, મંગલતા અદૃશ્ય થઇ ગઇ!

માણસ પાગલ બને એટલે પોતે ગંદો રહે, જગ્યા ગંદી રાખે. દુનિયા પાગલખાનું બને, ત્યારે દુનિયા ગંદી થાય. પાગલપન વિકૃતિ છે. પાગલપન અ-મંગલ છે. અવિદ્યાથી વળગેલો શોક-મોહ આત્માધારી માણસને પાગલ બનાવે છે. તે માણસ, તેનું જીવન, તેની દુનિયા બધું વિકૃત થાય છે. અમંગલ બને છે.

મનોચિકિત્સક પાગલપનનો ઇલાજ કરે. આપણા ગુરુદેવ શ્રીમહાપ્રભુજી આપણા અવિદ્યાજનિત શોક-મોહના પાગલપનનો ઇલાજ કરે છે.

તેઓ શોક મોહના પાગલપનને દૂર કરવા જે ટ્રીટમેન્ટ - ચિકિત્સા બતાવે છે, તેનું જ બીજું નામ સંસ્કૃતિ છે. સંસ્કૃતિ એટલે માંગલ્યનો માર્ગ - આનંદલબ્ધિની યાત્રા.

આનંદલબ્ધિની યાત્રા

જગતમાં અનેક સંસ્કૃતિઓ સર્જાઇ છે અને ભુંસાઇ છે. નવી નવી સંસ્કૃતિઓ બનતી રહે છે અને બગડતી પણ રહે છે. પરંતુ શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગની એવી એક ઉદાત્ત અને ભવ્ય સંસ્કૃતિ આપી કે જે કદી ઘસાશે નહિ, ભુંસાશે નહિ કે બગડશે નહીં. પુષ્ટિસંસ્કૃતિ એટલે પરમ માંગલ્યનો માર્ગ, પરમ આનંદલબ્ધિની યાત્રા.

આ યાત્રાએ નીકળેલ દરેક વૈષ્ણવોની સામે ત્રણ પ્રશ્ન આવે છે. અને આવવા પણ જોઇએ. (૧) હું કોણ છું? (૨) હું ક્યાંનો યાત્રી છું? (૩) મારી યાત્રા શા માટે છે?

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ ત્રણેય પ્રશ્નોના જવાબ શોધી, જાણી, સમજી, પુષ્ટિસંસ્કૃતિના માર્ગે જે યાત્રાળુ બને છે, તે આનંદ પ્રાપ્ત કરે છે. તે એવો આનંદ છે, જે લૌકિક નથી, ક્ષણિક નથી, અલૌકિક છે અને શાશ્વત છે.

હું કોણ છું?

શ્રીમહાપ્રભુજી કહે છે : 'હું' એટલે જીવાત્મા, જેને પોતાનું કોઇ સ્વતંત્ર નામ નથી. નામ તો જીવાત્માએ ધારણ કરેલા શરીરનું છે. શરીર નાશવંત છે. જીવાત્મા સનાતન છે. જીવાત્મા સનાતન યાત્રિક છે. તેની યાત્રા કદી બંધ પડતી નથી. યાત્રાનાં વાહન બદલાય છે. જીવાત્માની યાત્રાનું વાહન એટલે એનું શરીર. જીવાત્માના નવા-નવા જન્મ થાય, નવું-નવું શરીર મળે, એ શરીર નાશ પામે. ભંગાર થઇ ગયેલી ગાડીને રસ્તા પર ફેંકી દઇ, માણસ બીજી ગાડી શોધવા નીકળે, તેમ જીવાત્મા શરીરરૂપી વાહનને છોડી દઇ, નવા શરીરરૂપી નવા વાહનને શોધવા નીકળે છે અને તેના દ્વારા તેની યાત્રા ચાલુ રાખે છે.

આવો સદાનો સનાતન યાત્રિક જીવાત્મા પરમાત્માનો એક અંશ છે. આનંદઅગ્નિ સ્વરૂપ પરમાત્માનો એક તણખો છે. તણખો કોલસી બની જાય, ત્યારે કોલસીને ફરી તણખો બનવાનું મન થાય. જમીન પર અગ્નિથી દૂર પડેલ કોલસી ફરી અગ્નિને પામે, એ એની અગ્નિ સુધીની યાત્રા છે. અગ્નિને પામતાં કોલસી ફરી અગ્નિ બને છે, એમ જીવાત્મા પણ પરમાત્માથી દૂર ફેંકાઇ જતાં આનંદઅગ્નિ ગુમાવી બેઠેલ કોલસી જેવો બની ગયો છે. માટે તો એ આનંદ અગ્નિથી દૂર દૂર ભટક્યા કરે છે. એ જીવાત્માને જયારે આનંદઅગ્નિ તરફ જવાની યાત્રાનો માર્ગ મળી જાય, ત્યારે તે બેવડા જોરથી દોડવા લાગે.

આપણે આવા આનંદઅગ્નિ પરમાત્માના અંશરૂપ આનંદ અગ્નિનો તણખો છીએ, જેમાંથી આનંદ અગ્નિ ઓલવાઇ ગયો છે. હજારો વર્ષો સુધી પરમાત્માથી દૂર દૂર ફેંકાઇ ગયેલા કોલસી જેવા જીવાત્મા છીએ. આ જન્મે આપણને સાન અને ભાન પ્રાપ્ત થયાં છે કે આનંદ અગ્નિને પામવાનો યાત્રાનો માર્ગ કયો છે? આટલાં સાન અને ભાન મળતાં આપણા જીવનમાં આશાનો અને શ્રદ્ધાનો સંચાર થયો છે કે હવે દિલ્હી દૂર નથી! મામાનું ઘર કેટલે? દીવો બળે એટલે! સમુદ્રમાં દૂર દૂરથી આવતા વાહનને દીવાદાંડીનો દીવો દેખાય એટલે તેના હોશ વધી જાય છે કે હવે જયાં પહોંચવું છે, ત્યાં લગભગ આવી ગયા છીએ.

આવું જ આપણા સૌનું આ જિંદગીમાં બન્યું છે કે આપણી યાત્રાનો સાચો રસ્તો આ છે. પુષ્ટિમાર્ગના પ્રેમલક્ષણા ભક્તિના પથ ઉપર યાત્રા શરૂ કરી દો, હવે આપણું ગંતવ્ય દૂર નથી.

મારે કયાં જવું છે?

પુષ્ટિમાર્ગના યાત્રિક સામે બીજો પ્રશ્ન આવે છે - મારે કયાં જવું છે? કેટલાક લોકોને ક્યાંય જવાનું હોતું જ નથી. એ તો બે ઘડી પગ છૂટો કરવા લટાર મારવા નીકળે છે. મુંબઇના હેંગિંગ ગાર્ડનમાં વહેલી સવારે મોર્નિંગ વૉક લેવા નીકળતા માણસો આવા યાત્રિકો છે. જયાંથી શરૂ કરે ત્યાં જ પહોંચીને અટકે છે. આમ, વગર ગંતવ્યે ટહેલવું એ કોઇ યાત્રા નથી, એ તો પગ છૂટો કરવાની માત્ર કસરત છે.

શ્રીમહાપ્રભુજી આથી સમજાવે છે કે પુષ્ટિમાર્ગના યાત્રિક તરીકે તમે વિના વિચારે ટહેલતા રહેશો નહિ. માંડ માંડ સમજ મળી છે, માંડ માંડ મનુષ્યદેહ મળ્યો છે, તેમાં ભગવદ્કૃપાએ વૈષ્ણવ ઘર,

વૈષ્ણવ પરિવાર અને વૈષ્ણવતાનો વારસો મળ્યો છે. એ વગર વિચાર્યે ટહેલવામાં વેડફી નાંખશો નહિ.

આપણે આનંદઅગ્નિ સુધી પહોંચવાનું છે, જયાં આનંદઅગ્નિ છે, ત્યાં જવાનું છે. એ જ આપણું તીર્થ છે. એ જ આપણું નિજધામ છે. ત્યાં પહોંચવાનો માર્ગ એ આપણી યાત્રાનો માર્ગ છે.

અજાણ્યા રસ્તે પ્રવાસ કરવા નીકળેલ યાત્રાળુ તેના માર્ગ પર આવતા માર્ગસૂચક પથ્થરો ચકાસતો ચકાસતો આગળ જાય છે, જેથી ખોટા રસ્તે ચડી ન જવાય. પુષ્ટિમાર્ગની યાત્રા માટે પણ શ્રીમહાપ્રભુજીએ આવા માઇલસ્ટોન બતાવ્યા છે. એના પ્રકાશે પ્રકાશે આપણી યાત્રા કરવાની છે.

તેમાં પહેલો માઇલસ્ટોન છે, ભગવાન શ્રીકૃષ્ણને પોતાના સ્વામી તરીકે સ્વીકારવાનો. બીજો માઇલસ્ટોન છે, તેમની શરણાગતિ સ્વીકારવાનો. ત્રીજો માઇલસ્ટોન છે, કેવળ તેમના જ અનન્ય દાસ બનીને જીવવાનો. ચોથો માઇલસ્ટોન છે, તેમનાં નામ, સ્વરૂપ, ગુણ અને લીલાઓનો મહિમા, સત્સંગ દ્વારા જાણી-સમજીને તેમના પ્રત્યે સ્નેહ કેળવવાનો અને વધારવાનો. પાંચમો માઇલસ્ટોન છે, તેમની સાથે અલૌકિક લગ્નગ્રંથિથી બંધાવાનો-બ્રહ્મસંબંધ કરવાનો. છઠ્ઠો માઇલસ્ટોન છે, તેમનો સ્વામી તરીકે પૂર્ણ સ્વીકાર કરી, તેમની સેવા દ્વારા, તેમને સર્વસમર્પણ કરવાનો અને સાતમો માઇલસ્ટોન છે, તેમના બનીને, માત્ર તેમના સુખ માટે જ જીવવાનો અને મરવાનો. આ સાત માઇલસ્ટોનવાળા પુષ્ટિભક્તિના યાત્રા માર્ગ ઉપર આપણે ચાલવાનું છે.

મારે શા માટે યાત્રા કરવી છે?

યાત્રાનો હેતુ હવે સ્પષ્ટ છે. આનંદઅગ્નિના અંશ છીએ, આનંદઅગ્નિ ઓલવાઇ ગયો છે, એને ફરી પ્રજ્વલિત કરવો છે, આનંદ અગ્નિરૂપ બનવું છે, પરંતુ એ આનંદઅગ્નિની સગડીમાં (અક્ષરબ્રહ્મમાં) આપણું અસ્તિત્વ વિલીન કરી દેવું નથી. આપણે તો આનંદઅગ્નિનું જ એક દિવ્યરૂપ ધારણ કરી, આનંદઅગ્નિસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ સાથે સદાકાળ રહેવું છે, ખેલવું છે, એમની સેવા કરવી છે, એમની લીલાઓનો આનંદ માણવો છે. એવું અલૌકિક દિવ્ય સ્વરૂપ અને જીવન પ્રાપ્ત કરવું છે, જયાં કદી મૃત્યુ નથી, એટલે ફરી જન્મ પણ નથી. જયાં કોઇ દુઃખ નથી, એટલે કોઇ શોક નથી. જયાં પ્રેમ છે, પણ મોહ નથી, આવું, દેવોને દુર્લભ, દિવ્ય જીવન પ્રાપ્ત કરવા માટે આપણે આ યાત્રા કરવી છે.

યાત્રા કરવા માટે આપણી પાસે મર્યાદિત સમય છે. વ્રજયાત્રાનો સમય ચાલીસ દિવસનો હોય. ચાલીસ દિવસમાં યાત્રા પૂરી કરવા માટે કયારેક વધારે માઇલ ચાલવું પણ પડે. આપણી આ આનંદયાત્રા માટે આપણી પાસે ચાલીસ વર્ષથી લાંબો સમય લગભગ તો નથી જ. જિંદગીની શરૂઆતનાં ૨૦ વર્ષ બચપનામાં વીતી ગયાં હોય છે. બીજાં દસ-પંદર વર્ષ જિંદગીને ગોઠવવામાં જાય છે. ત્યાં સુધીમાં વાળ પર ચાંદી પથરાવા માંડે છે. પહેલો ચાંદીનો વાળ દેખાય એ દિવસથી મૃત્યુ નજીક આવી રહ્યું છે, મૃત્યુરૂપી ટ્રેઇનની કર્કશ સિસોટીઓ સંભળાવી શરૂ થાય છે અને ત્યારથી આપણે થોડાક રઘવાયા બની, આનંદયાત્રાના આ માર્ગને ખોજવા નીકળીએ છીએ. અડધી જિંદગી વહી ગઇ છે. શેષ ચાલીસ વર્ષ માંડ રહે છે, એમાં આ યાત્રા પૂરી કરવી છે. અને અંતિમ મુકામે પહોંચવું છે.

આપણી આ સમજને લઇને, આપણે આપણી શક્તિ પ્રમાણે ટગુમગુ પુષ્ટિભક્તિના માર્ગ ઉપર ચાલવાનો પ્રયત્ન કરીએ છીએ. કોઇક આગળ નીકળી જાય છે, તો કોઇક પાછળ રહી જાય છે. પણ સૌ એ માર્ગ ઉપર વ્રજપરિક્રમાના યાત્રીઓની જેમ એક વણઝારમાં ચાલ્યા કરે છે, ચાલતા રહે છે.

સંસ્કૃતિમાં આવતી વિકૃતિ

આ પુષ્ટિસંસ્કૃતિ છે, જીવનમાંગલ્યનો માર્ગ છે, મધુરતાની યાત્રા છે, આનંદલબ્ધિનો પ્રવાસ છે, પરંતુ વ્રજયાત્રામાં જેમ આપણે વિકૃતિઓ દાખલ કરી દીધી છે, તેમ આપણી જીવનયાત્રામાં પણ આપણે વિકૃતિઓ ઘૂસાડી દીધી છે.

(૧) પહેલી વિકૃતિ છે, આપણી જાત વિષેનું અજ્ઞાન. વાઘની ખાલ ઓઢેલ ગધેડો વાઘ માની પોરસાય, પણ સ્વભાવબળે હોંચી-હોંચી કરે, ત્યારે એનું અસલ રૂપ પરખાય. એમ, આપણે પણ અજ્ઞાનને લઇને અહંકારી બન્યાં. 'હું બધું કરવા શક્તિમાન છું', 'બધું આપ બળે મેળવું છું અને ભોગવું છું', એવો ગાંડો ખ્યાલ લઇને ઘણા જીવે છે. તો કેટલાકના મગજમાં એવો ખ્યાલ ઘૂસી ગયો છે કે 'હું જ ભગવાન છું - આત્મા સો પરમાત્મા'- એટલે મારે પરમાત્માને મેળવવા કંઇ કરવાનું નથી. ખાવું, પીવું, અને મોજમજા કરવી એ જ મારો આનંદ છે. આવા, બની બેઠેલા ભગવાનો અને પરમાત્માઓ આપણને પણ આપણી યાત્રાના માર્ગેથી ભટકાવી દઇ, બીજા માર્ગે ચડાવી દે છે.

(૨) મનુષ્યદેહ ધારણ કરી, જીવાત્મા જગતમાં આવ્યો ત્યારે માનવશરીરરૂપી સુંદર રથ તેને મળ્યો હતો. આ રથને અગિયાર ઇન્દ્રિયોરૂપી ઘોડા જોડેલા હતા, બુદ્ધિ તેની લગામ હતી, મન તેનો સારથિ હતો અને પોતે તે રથનો રથી હતો. આપણો મનરૂપી સારથિ આપણો નોકર મટી, શેઠ બની ગયો. આપણે એનાથી દબાઇ ગયા. પરિણામે મનરૂપી સારથિએ બુદ્ધિરૂપી લગામને ઢીલી મૂકી દીધી. લગામ ઢીલી પડતાં અગિયારે ઇન્દ્રિયોરૂપી ઘોડાઓ બેફામ બન્યા. સૌ પોતપોતાની દિશામાં રથને ખેંચવા ગયા. ઇન્દ્રિયો ઉપરથી મનનો કાબુ ગયો, પરિણામે આપણે મનની સાથે ઇન્દ્રિયોના પણ ગુલામ બન્યા. ઇન્દ્રિયોને પરવશ થયા. એવા લાચાર બન્યા કે ઇન્દ્રિયો ખેંચે તે દિશામાં જવા લાગ્યા. આને કારણે પણ આપણે આપણી મૂળ યાત્રાનો સાચો માર્ગ ગુમાવી બેઠા અને દુનિયામાં પ્રમાદ અને પ્રમોદના માર્ગે ભટકી ગયા.

(૩) આપણામાં એક ત્રીજી વિકૃતિ આવી. યાત્રાને માર્ગે જવું છે, પણ મહેનત કરવી નથી. વ્રજયાત્રા કરવી છે, ચાલવાની તાકાત છે, પણ ચાલવું નથી. યાત્રાનું તપ કરવું નથી. મોજશોખ કરતાં કરતાં યાત્રાને જલસો બનાવવો છે. એ યાત્રા, યાત્રાનું કયું ફળ આપે? એમ, આપણે પણ પુષ્ટિના પ્રેમલક્ષણાભક્તિના માર્ગે જવું છે. પણ તે માટેની સાધના અને આરાધના કરવી નથી. બ્રહ્મસંબંધ લઇને એવું મનાવવું છે કે ગોલોકમાં જવાનું લાયસન્સ - પાસપોર્ટ - વિઝા બધું જ મળી ગયું. મંદિરે હાથ જોડી આવીને એવું મનાવવું છે કે શરણાગતિ અને સમર્પણ થઇ ગયું! યાત્રાના શોર્ટ-કટ શોધીએ છીએ અને એમાં ભૂલા પડી, ખોટા માર્ગે રખડી જઇએ છીએ.

(૪) ચોથી વિકૃતિ એ આવી કે પ્રેમલક્ષણા ભક્તિના માર્ગે સ્વેચ્છાએ ચાલ્યા નથી, કોઇકના કહેવાથી ચડી ગયા છીએ. ત્યારે

એનો ઉપયોગ દુનિયાના લાભ માટે કેમ થાય, એના રસ્તા શોધીએ છીએ. સ્વાર્થ માટે સેવા થાય છે, સ્વાર્થ માટે સત્સંગ - કીર્તન થાય છે. પ્રભુની પ્રાપ્તિ માટે કશું થતું નથી. કયારેક મૃત્યુના ભયથી થાય છે, ભગવદ્પ્રેમથી થતું નથી.

આવી બધી વિકૃતિઓએ આપણી યાત્રાની સાધના-આરાધનાને વિકૃત કરી છે, પરિણામે આપણને મૃત્યુ બિહામણુ અને ડરામણુ લાગે છે. કોઈકના મૃત્યુના સમાચારે આપણે ક્ષણભર એટલા માટે ચિંતિત અને વ્યગ્ર થઈએ છીએ કે આવતીકાલે મારે ત્યાં પણ મૃત્યુ આવશે, ત્યારે મારું શું થશે?

એક વિચારકે સાચું કહ્યું છે કે માણસ કુદરતી રીતે આવતા મૃત્યુથી ઓછો ડરે છે, મૃત્યુના ભયથી વધારે ડરે છે. મૃત્યુના ભયે આપણને મૃત્યુનો ઑર્ડર લઈ આવતા યમદૂતો ભયાનક લાગે છે. શ્રીમહાપ્રભુજીના મતે મૃત્યુ ભયાનક નથી, મૃત્યુથી ડરવા જેવું કશું નથી. મૃત્યુનો શોક કરવાનો તો હોય જ નહિ. મૃત્યુનો કલેશ શાનો? મૃત્યુની તો રાહ જોવી જોઈએ. આવે ત્યારે મહોત્સવ મનાવવો જોઈએ. તમે પૂછશો કે શા માટે? તમારા પ્રશ્નનો જવાબ શ્રીમહાપ્રભુજીના દૃષ્ટિકોણથી આપણે જોઈએ.

મૃત્યુ શું છે?

મનુષ્યને મળેલો દેહ પંચમહાભૂતનો બનેલો છે. એમ તો આખું જગત પંચમહાભૂતોનું જ બનેલું છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ - આ પાંચ તત્ત્વો દ્વારા જગતના બધા પદાર્થોના આકાર-પ્રકાર ઘડાયા છે. આપણું શરીર આ પાંચ તત્ત્વોનું છે.

જગતના નિર્માણને શ્રીમહાપ્રભુજી 'આવિર્ભાવ' શબ્દથી સમજાવે છે, જગત પ્રભુની આવિર્ભાવ-તિરોભાવ-લીલા છે. જગત ભગવદ્ સ્વરૂપ છે, એટલે સત્ય છે. જે સનાતન સત્ય છે, તે કદી પણ નાશ પામતું નથી. એટલે શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જગત અને તેના દરેક પદાર્થ પ્રગટ થાય છે, પણ કદી નાશ પામતા નથી. જગતમાં મનુષ્ય અવતરે અથવા કોઈપણ પદાર્થ અસ્તિત્વ ધારણ કરે, તે આવિર્ભાવ છે. ભગવાનના સદ્ અંશ અને ચિદ્ અંશના આ સર્વ આવિર્ભાવ છે. ભગવદ્ ઈચ્છાથી સર્વનો આવિર્ભાવ થયો છે.

જગતના આવિર્ભાવનું મુખ્ય કારણ પ્રભુની જગતમાં ક્રીડા કરવાની ઈચ્છા છે. જગત પ્રભુનું ક્રીડાસ્થાન છે. જગતના જુદા જુદા પદાર્થો અને મનુષ્યો ક્રીડા માટેનાં સાધનો-રમકકડાં છે. તેમનાથી પ્રભુ ક્રીડા કરે છે.

બાળકો રમકડાંથી રમે. રમકડાં તેમને બહુ પ્રિય હોય. પરંતુ કોઈપણ બાળક એક રમકડાથી લાંબા સમય સુધી રમશે નહિ. તેને થોડી જ ક્ષણો પછી તે રમકડું નહિ ગમે. તેને ફેંકી દેશે, તોડી નાખશે અથવા દૂર કરી દેશે. પછી તેને બીજું રમકડું જોઈશે. રમવાના આનંદ માટે નવાં નવાં રમકડાં જરૂરી હોય છે.

પ્રભુની પણ આવી જ બાળલીલા છે. એકના એક પદાર્થો અને મનુષ્યોથી પ્રભુને સદાકાળ રમવું પ્રિય નથી. નાવિન્ય માટે પ્રભુ પોતે જ પ્રકટ કરેલાં આ બધાં રમકડાંને ફેંકી દે છે અને નવાં રમકડાં પ્રકટ કરે છે.

જગતના પદાર્થો અને મનુષ્યો વગેરે જીવસૃષ્ટિનો કદી નાશ થતો નથી. તેમનું રૂપાંતર થાય છે. તેને 'તિરોભાવ' કહેવામાં આવે છે. તિરોભાવ એટલે જે હોવા છતાં દેખાય નહિ તે. જગતમાં પ્રકટ થયેલી બધી જ વસ્તુઓ અને વ્યક્તિઓ કદી પણ નાશ પામતી નથી. નાશ પામવું એટલે અસ્તિત્વ સંપૂર્ણ રીતે મટી જવું. કોઇપણ વસ્તુ કે વ્યક્તિનું અસ્તિત્વ સંપૂર્ણ રીતે મટી જતું નથી, માત્ર તેમનો આકાર અને પ્રકાર બદલાય છે. તે વસ્તુ કે વ્યક્તિ તિરોભાવ પામી, નવા સ્વરૂપે ફરી પ્રભુને ખેલવા માટે હાજર થાય છે.

વૃક્ષ ઉગે છે, થોડા સમય પછી તેનાં સુંદર પાન ખરી જાય છે, જમીનમાં દટાય છે, તેનું ખાતર બને છે. પાનનું ખાતર બનવું એ પાનનો નાશ નથી, પણ રૂપાંતર છે. એ જ ખાતર ફરી નવું વૃક્ષ ઉગાડે છે, ફરી નવાં પાન થાય છે, ફરી તે ખરી પડે છે. આમ વૃક્ષ અને તેમનાં પાનની આવિર્ભાવ-તિરોભાવ લીલા ચક્રની જેમ સતત ચાલ્યા કરે છે. તેમનો કયારેય નાશ થતો નથી. જગતની બધી જ વસ્તુઓ અને વ્યક્તિઓનું પણ આવું જ છે.

આપણે લોકભાષામાં જેને 'મૃત્યુ' કહીએ છીએ, તે તિરોભાવ છે, નાશ નથી. આથી એક વિચારકે મૃત્યુ માટે સરસ રીતે કહ્યું છે કે મૃત્યુ જીવનના ઝોલાનું એક અટકસ્થાન છે. હિંચકો ચાલતો હોય, આગળ-પાછળ જતો હોય, ત્યારે તમે ધ્યાનથી જોશો તો સમજાશે કે આગળ ગયેલો હિંચકો પાછળ જતાં પહેલાં સ્હેજ અટકી જાય છે, અને પછી પાછળ તરફ ગતિ કરે છે. પાછળ સ્હેજ અટકે છે અને આગળ ગતિ કરે છે. હિંચકાની ગતિ સતત ચાલુ રહે છે, છતાં તેમાં અતિ સૂક્ષ્મ એવું અટકસ્થાન હોય છે. એવી જ રીતે જીવન પણ સતત ગતિશીલ છે. માટે જીવનને વહેતા પાણી સાથે સરખાવવામાં આવ્યું છે. 'જીવન બહતા પાની'. એટલે તો સંસ્કૃતમાં પાણી માટેના અનેક શબ્દો પૈકી એક શબ્દ 'જીવન' પણ છે. પાણી સતત વહેતું રહે છે. એક ક્ષણ પહેલાં જે પાણી હતું, તે બીજી ક્ષણે હોતું નથી, ત્યાં નવું પાણી આવી ગયું હોય છે. છતાં, પ્રવાહનુ સાતત્ય એવું છે કે આપણને તેનો પાણી બદલાઈ ગયાનો અનુભવ થતો નથી.

જીવનની ગતિનો આપણને અનુભવ છે. માણસ જન્મે અને મૃત્યુ પામે તે બે પ્રક્રિયાની વચ્ચેનાં વર્ષોમાં તે સારી રીતે વધે છે, પછી ઘસાય છે. વધવાની અને ઘસાવાની પ્રક્રિયાનું જ બીજું નામ યુવાની અને ઘડપણ છે. એ બંને અવસ્થાઓ આપણે જોઇ શકીએ છીએ, એટલે જીવનની ગતિનો આપણને અનુભવ છે, એ ગતિ કોઇ એક ક્ષણે સ્હેજ અટકે છે, વિરામ લે છે. જીવનની ગતિનું આ અટકસ્થાન એટલે મૃત્યુ. મૃત્યુ સતત ગતિશીલ જીવનનું એક વિરામસ્થાન છે, આત્માની યાત્રાનું એક સ્ટેશન છે.

મૃત્યુથી આત્મા મરતો નથી. આત્મા બદલાતો પણ નથી. આત્મામાં કોઇ જ ફેરફાર થતો નથી. મૃત્યુથી શરીરનો તિરોભાવ થાય છે, જે આત્માએ એની યાત્રા માટે ધારણ કર્યું હતું, શરીર પંચમહાભૂતોનું બનેલું છે, એટલે મૃત શરીર પાછું પંચમહાભૂતોમાં મળી જાય છે. તે રાખ બનીને ધરતીમાં એકરૂપ થઇ જાય છે. શરીરની આ તિરોભાવલીલા છે. એક શરીર તિરોભાવ પામે છે, તો સાથે સાથે બીજું એક નવું શરીર કોઇક સ્ત્રીના ગર્ભમાં આકાર પણ લે છે. આમ, સૃષ્ટિનો ક્રમ સતત ચાલ્યા કરે છે.

ગીતાજીમાં મૃત્યુની સમજ

કુરુક્ષેત્રના મેદાન પર કૌરવો અને પાંડવોનાં વિરાટ સૈન્યોની વચ્ચે ઉભેલો અર્જુન લડવામાંથી ડગી જાય છે. આટલા બધા લોકોનાં મૃત્યુ એ સહન કરી શકતો નથી. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવે છે કે જગતમાં જન્મેલા મનુષ્યોની તિરોભાવલીલા ભગવદ્ ઈચ્છાથી થાય છે. પણ ભગવાન સ્વયં કોઇના ય મૃત્યુનું કારણ બનતા નથી. ભગવાન દરેકના મૃત્યુ માટે લોકોને સમજાય એવું કોઈક કારણ પ્રગટ કરે છે, જેમ કે રોગ, ઘડપણ, યુદ્ધ, અકસ્માત, આગ, હિંસા વગેરે. આવા કોઈક કારણસર માણસ મરે છે, ત્યારે તેનું શરીર મરે છે, તેનો આત્મા મરતો નથી. શરીર નાશવંત છે, એટલે તે મરવાનું જ છે, કોઈકનું શરીર વહેલું મરે, કોઈકનું મોડું મરે. કોઈપણ શરીર અમર બનતું નથી. અમર તો આત્મા છે.

આત્મા એવો અમર છે કે તેનો કદી નાશ થતો નથી. અસ્ત્ર કે શસ્ત્ર તેને કાપી શકતાં નથી કે હણી શકતાં નથી. અગ્નિ તેને બાળી શકતો નથી, જળ તેને ડૂબાડી શકતું નથી. પવન તેને ઘસડી જઇ શકતો નથી. અંશાત્મા એક દેહ છોડી, બીજો દેહ ધારણ કરે છે અને ભગવાનને ખેલવા માટે નવાં નવાં ખિલોનાં સ્વરૂપે જગતમાં રહે છે.

ભગવાન શ્રીકૃષ્ણે સુંદર ઉદાહરણ આપ્યું: માણસ કપડાં પહેરે છે. માની લો કે એક વસ્ત્ર એક વ્યક્તિને બહુ જ ગમે છે, હંમેશાં તે એ જ વસ્ત્ર પહેરવાનો આગ્રહ રાખે છે. પરંતુ વધુમાં વધુ તે માણસ તે વસ્ત્ર ક્યાં સુધી પહેરી શકશે? જ્યાં સુધી તે ફાટી જશે ત્યાં સુધી. પછી તો તેણે વસ્ત્ર બદલવું જ પડશે. એમ, આત્માએ પોતાના સ્વરૂપને ઢાંકવા શરીરરૂપી વસ્ત્ર પહેર્યું છે. શરીરરૂપી વસ્ત્રને લઇને આત્માને નિરાવરણ જોઇ શકાતો નથી. શરીરરૂપી વસ્ત્ર ઘસાય, પહેરવા લાયક ન રહે, ત્યારે આત્મા તેનો ત્યાગ કરે છે. તે સ્વાભાવિક છે. તેમાં કશું પણ અસ્વાભાવિક નથી, જેટલી સહજતાથી માણસ પહેરેલાં જૂનાં કપડાં ઉતારી નાખે અને નવાં કપડાં પહેરે, સાપ કાંચળી ઉતારી નાખે, વૃક્ષ પીળાં પાન ખેરવી દે, એટલી જ સહજતાથી આત્મા ઘસાઇ ગયેલા શરીરને છોડી દે છે.

ભગવાન શ્રીકૃષ્ણ સમજાવે છે કે માણસને કપડાંનુ મમત્વ ત્યાં સુધી જ હોય, જ્યાં સુધી તે પહેરવા લાયક હોય. વસ્ત્ર પહેરવા લાયક ન રહે, પછી તેનું મમત્વ રહેતું નથી. પછી તેના ચીરા થઇ જાય અથવા તે સળગી જાય તો પણ તેનો શોક થતો નથી. ઉતારી નાખેલા વસ્ત્રનો જેમ શોક અને મોહ ન રહે, તેમ આત્માએ ત્યજી દીધેલા શરીરનો શોક કે મોહ હોતો નથી, કારણ, તેને કદાચ તેનાથી યે વધારે સુંદર નવું શરીર મળવાનું છે! આમ, મૃત્યુ બીજું કંઇ નથી, વસ્ત્રપરિવર્તનની પ્રક્રિયા છે. જૂનાં આવરણ દૂર કરી, નવાં આવરણ ઓઢવાની સામાન્ય અને સહજ પ્રક્રિયા છે. તો પછી મૃત્યુનો શોક શા માટે?

નિરાંતની પળોમાં જ્ઞાનોપદેશ સાંભળતાં અને ગ્રંથો વાંચતા આપણે આ વાત બુદ્ધિથી સમજીએ અને સ્વીકારીએ પણ છીએ. જેમના ત્યાં મૃત્યુનો પ્રસંગ આવે, તેમને આ તત્વદર્શનના આધારે આશ્વાસન અને સાંત્વના પણ આપીએ છીએ. પરંતુ પોતાના જીવનમાં એવો પ્રસંગ આવે, ત્યારે માણસ તેનો શોક કરે છે. મોહને કારણે

અસ્વસ્થ બને છે. સામાન્ય રીતે મોટાભાગના માણસોને મૃત્યુથી શોક અને મોહ જન્મે છે. તેનું કારણ વિચારવા જેવું છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જયારે જીવાત્મા ભગવાનથી છૂટો પડયો, ત્યારે તેમાં રહેલ ભગવાનનો આનંદ અંશ તિરોધાન થયો. તિરોધાન થવું એટલે ગુપ્ત થઇ જવું - છૂપાઇ જવું. લાકડામાં અગ્નિ તિરોધાન થયેલો હોય છે, અર્થાત્ તે દેખાતો નથી, પરંતુ લાકડાને બહારથી અગ્નિનો સ્પર્શ થાય ત્યારે લાકડામાં રહેલ અગ્નિ બહાર પ્રગટ થાય છે. આવી જ રીતે જીવાત્મામાંથી ભગવાનનો આનંદ અંશ તિરોધાન થઇ ગયો, પરિણામે જીવાત્મને અવિદ્યા વળગી.

વિદ્યા અને અવિદ્યા આપણા તત્ત્વજ્ઞાનના બે પારિભાષિક શબ્દો છે. વિદ્યા એટલે પરમાત્મા અંગેનું જ્ઞાન, અવિદ્યા એટલે પરમાત્મા અંગેના જ્ઞાનથી વિરુદ્ધનું ખોટું જ્ઞાન. અવિદ્યામાં પાંચ ખોટા જ્ઞાનનો સમાવેશ થાય છે, જેને 'પંચાધ્યાસ' કહેવામાં આવે છે. એટલે અવિદ્યાને પંચપર્વા અવિદ્યા કહેવામાં આવે છે. આ પાંચ અવિદ્યા નીચે મુજબ છે

(૧) દેહાધ્યાસ :

શરીરને મુખ્ય સમજવું, આત્માને ગૌણ સમજવો. શરીર માટે જીવવું.

(૨) ઇંદ્રિયાધ્યાસ :

ઇંદ્રિયોને કાબુમાં રાખવાને બદલે ઇંદ્રિયોના ગુલામ બનવું. બેફામ રીતે ઇંદ્રિયો દ્વારા વિષયાનંદ ભોગવવો. તેનાં દુષ્ટ પરિણામો યાદ ન રાખવાં.

(૩) પ્રાણાધ્યાસ :

શરીર અને મન પરનો સંયમ ગુમાવી, શરીરમાં રહેલા દસ પ્રકારના પ્રાણોને અસ્તવ્યસ્ત થવા દેવા. પરિણામે, શરીર અને મનની સ્વસ્થતા ગુમાવવી.

(૪) અંત:કરણાધ્યાસ :

અંત:કરણ એટલે સૂક્ષ્મ ઇંદ્રિયો, જેમાં મન, ચિત્ત, બુદ્ધિ અને અહંકારનો સમાવેશ થાય છે. આ સૌને કાબુમાં રાખી, તેમના દ્વારા આત્માને પરમાત્મા તરફ જવાની યાત્રા કરવાને બદલે આત્માને અહંતા-મમતાના કાદવમાં ગુંગળાવી દેવો.

(૫) સ્વરૂપવિસ્મૃતિ :

હું આત્મા છું, ભગવાનનો અંશ છું, ભગવાનમાંથી પ્રકટ થયો છું, ભગવાનનો દાસ છું, ભગવાનને ફરીથી પામવા એ જ મારા અસ્તિત્વનું ધ્યેય છે. એ સનાતન સત્ય ભૂલી જવું.

આમ, પાંચ પ્રકારે માણસ રખડી જાય છે. તેના પરિણામે તેનામાં અહંતા અને મમતા જાગે છે. 'હું બધું કરું છું.' એવો વિચાર એટલે અહંતા. 'આ બધું મારી માલિકીનું છે, મારા માટે છે, મારા વશમાં છે.' એવો વિચાર એટલે મમતા. આ બંને વિચાર ખોટા છે, કારણ, માણસ પોતે પોતાની ઇચ્છા કે શક્તિથી કશું જ કરી શકતો નથી. માણસનું પોતાનું કશું છે પણ નહીં. માટે, અહંતા અને મમતા બંને મિથ્યા છે, અસત્ય છે, તત્ત્વજ્ઞાનની પરિભાષામાં અહંતા-મમતાને 'સંસાર' શબ્દથી ઓળખવામાં આવે છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે માણસને આ મિથ્યા સંસાર વળગ્યો છે.

જીવસૃષ્ટિમાં એવાં કેટલાંક જીવજંતુઓ છે, જેમને ‘જળો’ના નામે ઓળખવામાં આવે છે. આ જળો કોઇ માણસના શરીરને ચોંટી જાય, તો સહેલાઇથી ઉખડતી નથી. આ જળો શરીરને ચોંટીને તે માણસના શરીરનું લોહી ચૂસી લે છે. અહંતા-મમતારૂપી સંસાર આવી જળો જેવો છે, જે ચોંટયા પછી જલદી ઉખડતો નથી અને આત્માનું અધ:પતન કરે છે.

વનસ્પતિ સૃષ્ટિમાં એક વેલ થાય છે, જે વૃક્ષને વળગીને વધે છે. જે વૃક્ષને તે વળગે છે, તે વૃક્ષ ઉપર તે છવાઇ જાય છે, પછી તે વૃક્ષમાંથી તે બધું સત્ત્વ ચૂસી લે છે. વૃક્ષ દિવસે-દિવસે સૂકાતું જાય છે. આવી જ રીતે અહંતા-મમતારૂપી વેલ આપણા શરીરરૂપી વૃક્ષને વળગીને આત્માને સૂકવી નાખે છે.

ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણે સમજાવ્યું કે અહંતા-મમતાને કારણે માણસમાં રજોગુણ અને તમોગુણ વધે છે. તેમાંથી કામ અને ક્રોધ જન્મે છે, કામ અને ક્રોધમાંથી શોક અને મોહ જન્મે છે, જે માણસના જીવનને કલેશરૂપી અગ્નિમાં સળગાવે છે. અહંતા-મમતાને લઇને આપણે ખોટું સમજી બેસીએ છીએ કે આ બધા માણસો મારા છે, મારા પોતાના છે, મારા જન્મોજન્મના સાથી છે. એટલે આપણાં કહેવાતાં એ સ્વજનો પૈકી કોઇ મૃત્યુ પામે, ત્યારે આપણે તેમના પ્રત્યેના મોહના કારણે શોકગ્રસ્ત થઇને રડીએ છીએ, કકળીએ છીએ, આકાશ તૂટી પડયું હોય એવો દુ:ખનો ભાર અનુભવીએ છીએ. લાંબા સમય સુધી શોકમગ્ન રહીએ છીએ.

ભગવાન સમજાવે છે કે એક આત્માને બીજા આત્મા સાથે કોઇ સંબંધ નથી. આત્માને આત્માનું કોઇ સગપણ નથી. દરેક આત્મા સ્વતંત્ર છે. આત્માને પરમાત્મા સાથે જ સગપણ અને સંબંધ છે. તે કાયમી છે. જગતમાં જન્મેલા બે આત્માઓ વચ્ચેનો સંબંધ તો એ જ જન્મ પૂરતો છે, અને તે પણ અહંતા-મમતાને કારણે ઊભો થયેલો છે. આ સંબંધ કદાચ આ જન્મમાં પણ તૂટી જાય અથવા આ જન્મ બાદ તૂટી જાય. આવા ખોટા-ભ્રામક-માયાવી સંબંધ માટે શોક કરવો અને તેનો મોહ રાખવો એ પામરતા છે અને પાગલતા પણ છે. આથી ભગવાને સમજાવ્યું કે સાચો સ્થિતપ્રજ્ઞ માણસ તેને કહેવાય, જે શોક અને મોહમાં, સુખમાં અને દુ:ખમાં સમતા રાખે, બંને પરિસ્થિતિમાં અવિચલ રહે. એ જ માણસ જીવનને માણી શકે છે અને મૃત્યુને પણ સહજ રીતે સ્વીકારી શકે છે. મૃત્યુથી થતા દૂ:ખનું મૂળ કારણ અવિદ્યાથી જન્મેલો શોક અને મોહ છે.

મૃત્યુ પછી શું?

આપણને પ્રશ્ન થાય કે મૃત્યુ પછી જીવાત્મા કયાં જતો હશે? તેનું શું થતું હશે? શાસ્ત્રોએ એનો જવાબ આપ્યો છે. મૃત્યુ પછીની જીવાત્માની ગતિનો આધાર સામાન્ય રીતે તેના પૂર્વજન્મોના અને આ જન્મનાં કર્મો ઉપર છે. શાસ્ત્રો એમ કહે છે કે છેલ્લાં સો જન્મોનાં કર્મોનો હિસાબ જીવાત્માએ ચૂકવવો પડે છે. આ જન્મમાં જે હિસાબ ચૂકવવાનો હોય છે, તે અગાઉના સોમા જન્મનો હિસાબ હોય છે. બાકીના નવ્વાણુ જન્મોનો હિસાબ ચૂકવવાનો બાકી રહે છે. જીવાત્માએ સત્કર્મો કર્યાં હોય તો તેના પુણ્ય રૂપે સ્વર્ગ યા અન્ય લોકનું ફળ તેને મળે છે. દુષ્કર્મો કર્યાં હોય તો નરકયાતનાનું ફળ મળે છે. સત્કર્મો અને દુષ્કર્મો - બંનેનું ફળ તેને ભોગવવું પડે છે. સત્કર્મોનું વધુમાં વધુ મોટું ફળ મોક્ષપ્રાપ્તિ છે.

મોક્ષ એટલે મુક્તિ. જન્મમરણના ચક્રવ્યૂહમાંથી જીવાત્માની મુક્તિ થાય તે મોક્ષ. તેના પરિણામે જીવાત્માને કોઈપણ યોનિમાં જન્મ લેવો પડતો નથી. જ્યાં જન્મ જ નથી, ત્યાં મૃત્યુ હોઈ શકે નહીં. જે જીવાત્મા ભગવાનના નિજધામ - અક્ષરબ્રહ્મમાંથી છૂટો પડયો હતો, તે મોક્ષ પામતાં અક્ષરબ્રહ્મના આનંદાગ્નિમાં લય પામે છે. પરિણામે તેનું સ્વતંત્ર અસ્તિત્વ જ રહેતું નથી. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ મોક્ષ મર્યાદામાર્ગીય મોક્ષ છે. કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગનું તે પરમ ફળ છે. યોગીઓ, જ્ઞાનીઓ, ઋષિમુનિઓ આ ફળ ઝંખતા હોય છે. આ મોક્ષમાં દુ:ખોની નિવૃત્તિ જરૂર છે, પણ તેનાથી શાશ્વત સુખની પ્રાપ્તિ નથી. શાશ્વત સુખ એટલે ભગવાનના પરમાનંદનો રસાનુભવ. મોક્ષમાં ભગવાનના પરમાનંદનો રસાનુભવ કોઇ રીતે થઇ શકતો નથી.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જે પુષ્ટિ જીવો છે, પ્રભુના પરમ કૃપાપાત્ર છે, જેમણે વૈષ્ણવ થઇ, બ્રહ્મસંબંધની દીક્ષા લઇ, ભગવદ્સેવા અને સ્મરણમાં સમર્પિત્ત જીવન વિતાવ્યું છે, તેવા પુષ્ટિજીવોને મૃત્યુ પછી નરકયાતના ભોગવવાની હોતી જ નથી, કારણ કે, ભગવદ્સેવા, સ્મરણ અને સત્સંગના અલૌકિક પ્રતાપબળે માત્ર તેમનાં જ નહીં, તેમની ઇકોતેર પેઢીનાં સર્વ દુષ્કર્મો - પાપ નાશ પામ્યાં છે. ભગવદ્સેવા, સત્સંગ અને સ્મરણના અલૌકિક ફળ રૂપે શ્રીઠાકોરજી કૃપા કરીને, તેમના અધિકાર મુજબ તેમને નીચેનાં ત્રણ પૈકી કોઇ એક અલૌકિક ફળનું દાન કરે છે : (૧) અલૌકિક સામર્થ્ય (૨) સાયુજ્ય (૩) વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ. આ ત્રણેય ફળને આપણે સંક્ષેપમાં સમજીએ.

(૧) અલૌકિક સામર્થ્ય :

આત્માની સાથે આપણા શરીરમાં સૂક્ષ્મ લિંગદેહ હોય છે. આત્મા શરીર છોડે ત્યારે તે સૂક્ષ્મ લિંગદેહ પણ સ્થૂળ શરીર છોડી, આત્માની સાથે જાય છે. જ્યાં સુધી સર્વ પાપ-પુણ્ય ભોગવાઇ ન રહે, ત્યાં સુધી આત્માને ફરી-ફરીને જન્મ લેવા પડે છે. ત્યારે આત્માની સાથે નવા દેહમાં સૂક્ષ્મ લિંગદેહ પણ પ્રવેશે છે અને રહે છે. જ્યારે આત્માનો મોક્ષ થાય, ત્યારે આ લિંગદેહનો પણ મોક્ષ થાય છે. પછી તેનું અસ્તિત્વ રહેતું નથી.

શાસ્ત્રો કહે છે કે જ્યાં સુધી જીવાત્માની અહંતા-મમતા સંપૂર્ણ છૂટે નહીં, ત્યાં સુધી તેનો મોક્ષ થતો નથી. શાસ્ત્રોએ અહંતામમતા છોડવાના જે માર્ગો બતાવ્યા છે, તે બધા ખૂબ મુશ્કેલ છે. આથી શ્રીમહાપ્રભુજીએ ખૂબ સરળ માર્ગ બતાવ્યો - બ્રહ્મસંબંધથી અહંતા-મમતા શ્રીઠાકોરજીને સોંપી દો. શ્રીઠાકોરજીને સમર્પિત બનીને જીવો. દાસભાવમાં દીનતા આવે, એટલે અહંતા-મમતા નાશ પામે. દાસભાવથી શ્રીઠાકોરજીની સેવા થાય. એ સેવાથી શ્રીઠાકોરજી પ્રસન્ન થાય, ત્યારે શ્રીઠાકોરજી કૃપા કરે. તે જીવાત્માને મૃત્યુ બાદ અલૌકિક શરીર આપે છે, જેને શ્રીમહાપ્રભુજી ‘નવતનુ’ કહે છે. નવતનુ ધારણ કરીને તે જીવાત્મા ગોલોકધામમાં જાય છે. ત્યાં તેને શ્રીરાધિકાજી - શ્રીસ્વામિનીજી શ્રીઠાકોરજીની ચોકકસ સેવાનો અધિકાર આપે છે. પરિણામે એ જીવાત્મા પોતાના અલૌકિક શરીરથી શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીની સેવામાં તત્પર બને છે. તેને સદા શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીના અલૌકિક સ્વરૂપ અને

અલૌકિક લીલાઓનાં દર્શન થાય છે, તેમના સ્વરૂપાનંદનો રસાનુભવ થાય છે. શ્રીઠાકોરજીની નિત્યલીલાનો અવર્ણનીય લાભ તેને મળે છે. એ જીવને ફરી જન્મ ધારણ કરવાનો અવસર આવતો નથી. નવતનુ પામેલા જીવાત્મામાં શ્રીઠાકોરજીના દિવ્ય છએ ગુણો પ્રવેશે છે. તેથી તે શ્રીઠાકોરજીના અલૌકિક ગુણધર્મોવાળો બને છે. પ્રભુમાંથી છૂટો પડતાં જે આનંદ અંશ તિરોહિત થયો હતો, તે ફરી તેનામાં પ્રકટ થાય છે, તેથી તે ભગવદરૂપ બને છે. આવું સર્વોત્તમ ફળ 'અલૌકિક સામર્થ્ય' કહેવાય છે.

(૨) સાયુજ્ય :

કેટલાક જીવાત્માઓનો અધિકાર અલૌકિક સામર્થ્યનો હોતો નથી. તેવા મધ્યમ અધિકારવાળા જીવાત્માઓને શ્રીઠાકોરજી સાયુજ્યનું ફળ આપે છે. સાયુજ્ય એટલે પુષ્ટિમાર્ગીય મોક્ષ. તે જીવાત્માઓને શ્રીઠાકોરજી પોતાના ચરણારવિંદમાં અથવા હૃદયમાં અથવા મસ્તકના વાળમાં વિલીન કરે છે. તે જીવાત્માઓ કાયમ માટે ત્યાં જ વિલીન અવસ્થામાં રહે છે. શ્રીઠાકોરજી કયારેક-કયારેક કૃપા કરીને તેમને બહાર પ્રકટ કરે છે. અમુક સમય પૂરતો અલૌકિક દેહ આપે છે અને તેમને પોતાના સ્વરૂપાનંદનો રસાનુભવ કરાવે છે, વળી પાછા તેમને પોતાના શ્રીઅંગમાં વિલિન કરી દે છે. આ જીવાત્માઓને ફરી જન્મ તો લેવો પડતો જ નથી. અલૌકિક સામર્થ્યમાં શ્રીઠાકોરજીનો નિત્ય રસાનુભવ છે, જ્યારે સાયુજ્યમાં સમયાંતરે થોડાક સમય પૂરતો રસાનુભવ છે. મર્યાદામાર્ગીય મોક્ષથી તો તે ઘણો ઉત્તમ છે જ.

(૩) વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ :

કેટલાક પુષ્ટિ જીવાત્માઓ કનિષ્ટ અધિકારવાળા હોય છે. મૃત્યુ બાદ તેમને ગોલોકમાં પશુ, પક્ષી, જલચર, વૃક્ષ વગેરેમાંથી કોઇપણ એક યોનિમાં જન્મ મળે છે. અલબત્ત, આ યોનિ અલૌકિક યોનિ છે, લૌકિક યોનિ નથી. આવી કોઇપણ યોનિસ્વરૂપે તેઓ સદા ગોલોકમાં વસે છે. તેમને શ્રીઠાકોરજીનાં દર્શનાદિનું સુખ મળે છે, શ્રીઠાકોરજીની પરોક્ષ સેવાનો આનંદ પણ મળે છે. તેમને પણ ફરીથી જન્મ લેવો પડતો નથી. આ ફળમાં માનવયોનિ સિવાયની યોનિ હોય છે. પ્રત્યક્ષ સેવાનો લાભ હોતો નથી. માટે તેને કનિષ્ટ ફળ કહ્યું છે.

આ પરથી આપણે સમજી શકીએ કે પુષ્ટિજીવોને મૃત્યુ પછી અલૌકિક ફળ અવશ્ય મળે છે, જે બીજા કોઇને મળતું નથી. આપણે બ્રહ્મસંબંધ લીધું, ત્યારે શ્રીઠાકોરજીને નિવેદન કર્યું હતું કે અમે તમારાથી હજારો વર્ષોથી વિખૂટા પડી ગયા હતા, તમને સદંતર ભૂલી ગયા હતા, તમને ફરી મળવાનો તાપકલેશ પણ અમને આટલાં વર્ષો સુધી થયો નથી. એવા અમે તમને સ્વામી તરીકે સ્વીકારીએ છીએ. આ પ્રતિજ્ઞામાં જ્યાંથી વિખૂટા પડયા હતા, ત્યાં પહોંચવાની તાલાવેલી વ્યકત થઇ છે. એ તાલાવેલી સિદ્ધ થવાનો સુઅવસર એટલે મૃત્યુ. આથી જીવનભર વૈષ્ણવો ગાય છે કે :

'ધન્ય શ્રીયમુનામા કૃપા કરી શ્રીગોકુલ વ્રજ સુખ આપજો,
વ્રજની રજમાં અહર્નિશ અમને સ્થિર કરીને સ્થાપજો.'

આ જગતમાં અને આ જન્મ બાદ પ્રત્યેક વૈષ્ણવની આ જ અભિલાષા છે - સદાકાળ વ્રજવાસ મળે. એટલે જીવન છોડવાની ક્ષણ નજીક આવે છે, ત્યારે પુષ્ટિજીવ કહેતો હોય છે કે :

'આવ્યાં મારે શ્રીયમુનાજીનાં નોતરાં,
મારે જાવું વ્રજ દેશ જો,
રાજ કોઈ રોકો નહી.'

આથી સમજદાર વૈષ્ણવો સ્વજનના મૃત્યુ ટાણે આ જ પદ ગાતાં, તેમના નશ્વર દેહને ઘરમાંથી વિદાય આપે છે. એવી ભાવના હોય છે કે આ જીવાત્માને ખરેખર જ્યાં જવાનું હતું ત્યાં-ગોલોકધામમાં જઇ રહ્યો છે. એની હજારો વર્ષોની અભિલાષા આજે પરિપૂર્ણ થઇ રહી છે. તેના માટે તે આનંદનો અવસર છે.

પ્રાચીન સમયમાં રજપૂતો યુદ્ધે ચડતા, ત્યારે તેમનાં પત્ની તેમને હસતા મોંએ વિજ્યતિલક કરી, વિદાય આપતાં. કોડભરી એ સૌભાગ્યવતી સ્ત્રીઓ એટલી શૂરવીર હતી કે પતિને વિદાય આપતાં તેમની આંખો ભીની થવા દેતી નહીં, હસતાં મોંએ પતિને વિદાય આપતી. વધારામાં પતિને પ્રોત્સાહિત કરતી કે કયાં તો જીતીને આવજો અથવા યોગ હશે તો સ્વર્ગમાં મળીશું. એમ, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ તરીકે આપણે પણ જગતમાંથી વિદાય લેતાં આપણાં સ્વજન વૈષ્ણવોને હસતાં-હસતાં ગોલોકની વાટે વિચરવાની ક્ષણે વિદાય આપવાની હોય. એમને એવી વિનંતી કરવાની હોય કે શ્રીઠાકોરજીએ તમારા પર વહેલી કૃપા કરી છે. શ્રીયમુનાજીએ તમને શ્રીઠાકોરજી પાસે બોલાવી લેવા તેમની સખીઓને મોકલી છે. તમે ત્યાં જાવ

ત્યારે શ્રીઠાકોરજીને અને શ્રીયમુનાજીને અમારા વતી દંડવત કરી, વિનંતી કરજો કે અમને પણ વહેલા-વહેલા બોલાવી લે.

આપણા પરમ ભગવદીય રસખાનજી અને પરમાનંદદાસજી જેવા ભક્તરત્નોએ એવો વિચાર પણ રજૂ કર્યો છે કે શ્રીઠાકોરજીની ઇચ્છા સર્વોપરિ છે. કોઇક કારણસર મૃત્યુ બાદ શ્રીઠાકોરજી આપણને ગોલોકધામમાં ન બોલાવે તો શું? ત્યારે રસખાનજી માગે છે કે એ સંજોગોમાં આવતા જન્મમાં મને ક્યાં તો શ્રીનંદરાયજીના ઘરની ગાય બનાવજો અથવા શ્રીયમુનાજીના કિનારે વૃક્ષ પર બેઠેલું એક પંખી બનાવજો અથવા ગોકુળનો ગોવાળ બનાવજો, પણ રાખજો તો શ્રીઠાકોરજીની નજીકમાં જ, જેથી એમનાં દર્શન-સેવા-કીર્તનનું સુખ મને મળે. પથ્થર બનાવો તો શ્રીગિરિરાજજીનો બનાવજો.

પરમાનંદદાસજીએ માગ્યું કે હે શ્રીગોપીજનવલ્લભ, આપને લાગતું હોય કે ગોલોકપ્રવેશનો મારો અધિકાર હજી પાકયો નથી, તો મને વ્રજમંડળમાં વાસ આપજો, મનુષ્યદેહ આપજો, તમારી સેવા આપજો, શ્રીભાગવતનું શ્રવણ-કીર્તન આપજો અને શ્રીવલ્લભકુળનું શરણ આપજો.

આ પરથી એક વાત નક્કી થાય છે. કે આજીવન સેવા, સ્મરણ અને સત્સંગમાં તત્પર રહેનાર પુષ્ટિજીવોની કયારેય અવગતિ કે દુર્ગતિ થતી નથી. તેમને અવશ્ય ભગવદ્‌ગતિ જ થાય છે. આ ભગવદ્‌ગતિ એ તો આપણી અભિલાષા છે. એ અભિલાષા જેની સિદ્ધ થાય, એનો આપણે પણ આનંદ કરવો જોઇએ, એ ટાણે આંસું સરાય નહીં.

આમ, પુષ્ટિમાર્ગમાં મૃત્યુ ડરામણું નથી, મૃત્યુ મંગલ છે, મધુરતા તરફ લઇ જનારૂં છે.

પુષ્ટિભક્તોનું સામર્થ્ય

બીજા જીવો મૃત્યુ આગળ હારી જાય છે, થાકી જાય છે. સાચા પુષ્ટિભક્તો મૃત્યુ આગળ હારી જતા કે થાકી જતા નથી. તેઓ મૃત્યુને પણ ચેલેન્જ કરી શકે છે. તેઓ ઇચ્છામૃત્યુ મેળવી શકે છે. એમની ઇચ્છા વિના યમદેવ પણ તેમના આંગણે ફરકી શકતા નથી. બસોબાવન વૈષ્ણવોમાં એક માજીની વાત છે. આજીવન શ્રીઠાકોરજીની સેવા એટલા ભાવપૂર્વક કરી કે તેમને જીવતે જીવ અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત થયું. એક દિવસ યમદેવ તેમના દરવાજે આવ્યા. માજીને કહ્યું : ‘ચાલો, તમારો સમય થયો છે.’ માજીએ કહ્યું: ‘હમણાં નહીં આવી શકું, નજીકમાં ઉત્સવ આવે છે. ઉત્સવ ગયા પછી વાત.’ યમદેવ વીલા મોંઢે પાછા ફર્યા. ઉત્સવ બાદ આવ્યા. માજીએ ફરીવાર ઇન્કાર કર્યો. આમ, માજીએ યમદેવને આઠ વખત પાછા મોકલ્યા. શ્રીગુસાંઇજીએ આ માજીને ‘અષ્ટપદી’ કહ્યાં. પછી શ્રીઠાકોરજીની આજ્ઞાથી માજીએ દેહ છોડયો. આવું, મૃત્યુને વશ ન થવાનું અલૌકિક સામર્થ્ય પુષ્ટિભક્તોને સિદ્ધ છે.

એવા અનેક ભગવદીયો થઇ ગયા, કે જેમને મૃત્યુએ કયારે ય કનડયા નથી. મૃત્યુને કારણે કયારે ય તેમની સેવા છુટી નથી. બહુ જ સ્વસ્થ ચિત્ત અને દેહથી તેમણે છેલ્લા શ્વાસ લીધા છે. સમગ્ર જીવન દરમ્યાન સેવા-સ્મરણમાં સમર્પિત થઇને અહંતા-મમતા છોડી દીધી હોવાથી તેમને મૃત્યુ ટાણે જરાય વિષાદ કે વ્યગ્રતા થતી નથી. તેઓ પ્રભુના ચરણારવિંદનું ચિંતન કરતાં-કરતાં, સહજ રીતે દેહ છોડી શક્યાં છે.

શ્રીમહાપ્રભુજીએ ‘શ્રીયમુનાષ્ટક’માં સમજાવ્યું છે કે જે પુષ્ટિજીવો યમુનાપાન કરે છે, તેમને યમયાતના કદી પણ ભોગવવી પડતી નથી. એટલે પુષ્ટિજીવો માટે મૃત્યુ પછી યમયાતનાનો તો કોઇ પ્રશ્ન જ નથી.

ઘણીવાર આપણને એવો પ્રશ્ન થાય છે કે આ વૈષ્ણવને આટલી નાની ઉંમરમા શ્રીઠાકોરજીએ કેમ બોલાવી લીધા? એમનો કોઇ અપરાધ તો દેખાતો નથી ! આપણને તે વખતે શ્રીઠાકોરજીની લીલા સામે ફરિયાદનો ભાવ જાગે છે. આપણે સમજવું જોઇએ કે શ્રીઠાકોરજી કશું પણ અઘટિત કરતા નથી. શ્રીઠાકોરજીની લીલા આપણને ન સમજાય, એથી એ લીલા અવિચારી અથવા અઘટિત છે, એમ માનવું જોઇએ નહીં. જે જીવ પાસે શ્રીઠાકોરજીને પૃથ્વી પર જેટલી સેવા કરાવવી હોય એટલી જ કરાવે છે બધા જ પુષ્ટિજીવ ગોલોકમાંથી પૃથ્વી પર આવેલા જીવો છે. ગોલોકમાં સેવામાં કોઇ અપરાધ થવાથી તે ભોગવવા પૃથ્વી પર આવ્યા છે અથવા ભગવદ્ આજ્ઞાથી બીજા જીવોનો ઉદ્ધાર કરવા અને પૃથ્વી પર ભગવદ્લીલા પ્રગટ કરવા તેઓ પૃથ્વી પર આવ્યા છે. એમનું આ કાર્ય પૂરું થઇ જતાં શ્રીઠાકોરજી તેમને ફરી પોતાની પાસે બોલાવી લે છે. શરીર બાળક, યુવાન કે વૃદ્ધ હોય છે, જીવાત્મા બાળક, યુવાન કે વૃદ્ધ હોતો નથી. એટલે શરીરની અવસ્થા મૃત્યુનું કોઇ કારણ નથી, મૃત્યુનું કારણ કેવળ ભગવદ્ ઇચ્છા જ છે. શ્રીઠાકોરજીને જયાં સુધી જગતમાં એ જીવાત્મારૂપી રમકડાથી રમવું હોય ત્યાં સુધી રમે છે.

પછી તેને જગતમાંથી તિરોહિત કરે છે. શ્રીમહાપ્રભુજી 'નવરત્ન'માં સમજાવે છે કે આ બધી ભગવાનની લીલા છે. એને બરાબર સમજીને, તે અંગેની ચિંતામાંથી મુક્ત થવું જોઇએ.

મૃત્યુ પામેલા સ્વજન પાછળ શું કરવું?

શ્રીમહાપ્રભુજીએ વેદશાસ્ત્રનો સ્વીકાર કર્યો છે. પુષ્ટિમાર્ગ સનાતન વૈદિક ધર્મની એક શાખા છે. વેદમાં જીવનના સોળ સંસ્કાર બતાવ્યા છે. તેમાં અંતિમ સંસ્કાર મૃત્યુ પછીનો છે, જેને 'શ્રાદ્ધવિધિ' ના નામે ઓળખવામાં આવે છે. વ્યક્તિના મૃત્યુ બાદ દસમા દિવસથી લઇને તેરમા દિવસ સુધી શ્રાદ્ધવિધિ કરવામાં આવે છે. વ્યક્તિના મૃત્યુના દિવસથી સ્વજનો માટે સૂતકનો સમય હોય છે. બ્રાહ્મણો માટે સૂતક દસ દિવસનું, ક્ષત્રિયો માટે તેર દિવસનું અને વૈશ્યો માટે પંદર દિવસનું સૂતક હોય છે. સૂતકના સમયમાં કોઇપણ ધર્મકાર્ય થઇ શકતાં નથી. તેને અશુદ્ધ અને અશુભ સમય ગણવામાં આવે છે. આથી આપણા પુષ્ટિમાર્ગમાં સૂતકના સમયમાં સૂતકી વૈષ્ણવ તિલક કરી શકતા નથી, સેવા - જપપાઠ આદિ પણ કરી શકતા નથી, કેવળ શ્રીઅષ્ટાક્ષર મંત્રનું રટણ કરી શકે છે. સૂતકના દિવસોમાં સેવા-સ્મરણ ન થવાથી તે વૈષ્ણવને શ્રીઠાકોરજીનો વિરહ થવો જોઇએ. સૂતકના દિવસ વિરહાનુભવના દિવસ છે. શ્રીઠાકોરજીની સેવાનું સંયોગસુખ માણ્યા પછી આ વિરહનું દુઃખ શ્રીઠાકોરજી પ્રત્યેના સાચા સ્નેહને સુદૃઢ કરે છે અને વધારે છે. સૂતકના દિવસ ત્યાગ અને તપના દિવસ છે. પલંગમાં સૂવાય નહીં, શ્રીઠાકોરજીનો મહાપ્રસાદ લેવાય નહીં, પેટ ભરવા ખાતર એકાદ-બે વસ્તુઓ રાંધીને ચરણામૃત

પધરાવીને લઇ શકાય. કોઇ ધર્મકાર્ય થાય નહીં. મનમાં કેવળ વિરહાનુભવ થાય. મૃત સ્વજનનું શ્રાદ્ધ કરાવનાર પુરુષોએ માથાના કેશનું મૂંડન કરાવવું જોઇએ. તે વિના સૂતક નીકળે નહીં.

સૂતક નીકળ્યા બાદ, અર્થાત પંદર દિવસ પૂરા થયા પછી, ઘરમાંથી સૂતક કાઢી, ઘર અને ઘરના પદાર્થો શુદ્ધ કરી, ફરી શ્રીઠાકોરજીને ઘરમાં પધરાવી, સેવા કરી શકાય.

કેટલાક વૈષ્ણવો એવી દલીલ કરે છે કે પુષ્ટિમાર્ગ અલૌકિક છે. તેમાં શ્રાદ્ધ વગેરે કરવાની કોઇ જરૂર નથી. કેટલાક વૈષ્ણવો સૂતક પાળવાના મતના પણ નથી. આ બંને વાત ખોટી છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે જ્યાં સુધી શરીરનું ભાન છે, ત્યાં સુધી વૈદિક ધર્મોનું અવશ્ય પાલન કરવું જોઇએ. વર્ણ અને આશ્રમના ધર્મો પાળતાં-પાળતાં, તેના માળખામાં રહીને ભગવદ્‌સેવા, સ્મરણ, સત્સંગ કરવાં જોઇએ.

ગોલોકવાસી બનેલા વૈષ્ણવની પાછળ સ્વજનોએ કંઇ કરવું જોઇએ ખરું? એનો જવાબ એ છે કે સ્વજનોએ એમના મૃત્યુનો કલેશ કદાપિ ન કરવો. કદી પણ રડવું-કૂટવું નહીં, ભલે મરણ ગમે તે વયે થયું હોય. ભેગાં થઇ, અષ્ટાક્ષરનું રટણ કરવું. મૃત વ્યક્તિની પાછળ સૂતક નીકળ્યા પછી ગૌદાન કરી શકાય, ગાયોને એક વર્ષ સુધી અથવા અનુકૂળતા હોય ત્યાં સુધી ઘાસ ખવડાવી શકાય, વ્રજવાસીઓ વગેરેને વસ્ત્ર, અન્ન વગેરેનું દાન કરી શકાય. રોજ નિત્યનિયમથી જે જપ-પાઠ કરતાં હોઇએ તેમાં અવકાશ પ્રમાણે થોડુંક વધારે નિયમથી કરી શકાય. એકાદશીનાં વ્રત ન કરતાં હોઇએ

તો એક વર્ષ સુધી એકાદશીનાં વ્રત કરી શકાય. રોજના ભોજનમાંથી જે વાનગી વધુ પ્રિય હોય તે એક વર્ષ સુધી છોડી શકાય. આવો સંયમનો માર્ગ જરૂર સ્વીકારી શકાય.

કેટલાક વૈષ્ણવો મૃત સ્વજન પાછળ શ્રીભાગવતની કથા કરાવે છે શ્રીભાગવતજી શ્રીઠાકોરજીનું વાઙ્મય સ્વરૂપ છે. કથા કરાવનારના મનમાં એવો વિચાર હોય કે મૃત સ્વજનનો ઉદ્ધાર થાય. જો આ હેતુ માટે કથા કરાવતા હોઇએ તો વૈષ્ણવે તેવી કથા કરાવવાની કોઇ જરૂર નથી, કારણ કે આપણે આગળ જોઇ ગયા કે સાચા પુષ્ટિભક્તને તો અવશ્ય ગોલોકવાસ જ મળે છે, તેને પ્રેતયોનિ મળતી નથી. જે સ્વજન જગત છોડીને ગયાં છે, તે ધુંધુકારીના વંશના ન હતા, તેઓ તો શ્રીઠાકોરજીના કૃપાપાત્ર જીવ હતા. એટલે મોક્ષપ્રાપ્તિના હેતુથી કથા કરાવવાની કોઇ આવશ્યકતા નથી. શ્રીભાગવતજીના શ્રવણ-કીર્તનનો મુખ્ય હેતુ શ્રીઠાકોરજીનું માહાત્મ્યજ્ઞાન વધારવાનો અને તે દ્વારા શ્રીઠાકોરજીમાં આપણા પ્રેમને સુદૃઢ કરવાનો છે. એટલે જેમ કથાકારે કોઇ પણ હેતુ વિના શ્રીભાગવતની કથા કરવી જોઇએ, તેમ આપણે પણ કોઇપણ સકામ હેતુ વિના, કેવળ નિષ્કામ ભક્તિભાવથી શ્રીભાગવતજીની કથાનું શ્રદ્ધા અને સ્નેહથી શ્રવણ કરવું જોઇએ.

■